ગાંધીનગર સમાચાર

# બાપુ ગુજરાત નોલેજ કેમ્પસના વિદ્યાર્થીઓ પરીક્ષાઓમાં ઝળક્યા







ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર-માણસા હાઈવે પર આવેલા કુદરતી, શાંત અને અભ્યાસમયી વાતાવરણમાં ૨૦૦૯થી કાર્યરત બાપુ ગુજરાત નોલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી તથા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસીના વિદ્યાર્થીઓએ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સમગ્ર કોલેજીસમાંથી અનુક્રમે પહેલો, બીજો, છઠ્ઠો અને આઠમો ક્રમ પ્રાપ્ત કરીને સંસ્થાઓના અભ્યાસલક્ષી અભિગમને ઉચ્ચ પરિણામ વડે ચરિતાર્થ કર્યો છે.

ટેકનોલોજી કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએટ મિકેનીકલ બ્રાન્ચમાં અભ્યાસ કરતા સિદ્ધાર્થ આર પટેલે ૯.૪૪ એસપીઆઈ સાથે યુનિવર્સિટીમાં પ્રથમ અને હર્ષદ આર બારોટે ૯.૩૩ એસપીઆઈ સાથે દ્વિતીય ક્રમ હાંસલ કર્યો છે.

આ ઉપરાંત ફાર્મસી કૉલેજના પાંચમા સેમેસ્ટરની વિદ્યાર્થિની તન્વી ચૌધરી ૯.૨૭ એસપીઆઈ સાથે છઠ્ઠા ક્રમે, પ્રથમ સેમેસ્ટરની વિદ્યાર્થિની મૃગાક્ષી ભીરો ૯.૩૮ એસપીઆઈ સીથે આઠમા ક્રમે અને સાક્ષી મહેશ્વરી ૯.૦૦ એસપીઆઈ સાથે ઉત્તીર્ણ થઈ હતી.

આ ઉચ્ચ પરિણામ બદલ ટેકનોલોજી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધ્વર્યુ, ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ધર્મેશ ગોલવાલા તથા કેમ્પસ ડિરેક્ટર પ્રૉ. રવિકુમાર અને સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.



ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓ સમક્ષ ગાંધીનગર બાર કાઉન્સિલના સભ્ય, ઍડવોકેટ-નોટરી ઈશ્વરજી વાઘેલા ન્યાય વિષયક બાબતોની માહિતી ઉજાગર કરી હતી.

અદાલતોના પ્રકાર, દાવાઓના પ્રકાર, ફોજદારી દાવા, દિવાની દાવા વગેરે વિશે તેમણે વિશદ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી અને અલગ અલગ પ્રકારના ગુના માટે જુદી જુદી કલમોની કાયદામાં જોગવાઈ છે એવી માહિતી પણ આપીહતી. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ તેમના દ્વારા પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક પ્રકાશભાઈ પટેલ, અશોકભાઈ પટેલ અને કેતનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



રમેશચંદ્ર રામજીભાઈ તન્ના
મો. ૯૮૯૮૦ ૫૯૫૪૬



પૃથ્વી વોરા
મો. ૭૪૦૫૭ ૫૩૫૦૦



રોહન ડી ગોહેલ
મો. ૬૩૫૪૯ ૨૫૨૦૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સર્જનાત્મક પ્રવૃત્તિઓથી મહિલા દિવસની ઉજવણી



સરસ્વતી ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવ્યો હતો, જેમાં પોસ્ટર પ્રસ્તુતિ, કવિતા લેખન અને નાટક જેવી વિવિધ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીનીઓ તેમજ ફેકલ્ટી સભ્યોના આત્મવિશ્વાસ વધારવા માટે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મહિલા સશક્તિકરણથી સંબંધિત ઉત્તમ પોસ્ટર અને કવિતા તૈયાર કર્યા હતા અને નિરીક્ષકો દ્વારા તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ભાગ લેનારી વિદ્યાર્થીનીઓએ સર્જનાત્મકતા સાથે મહિલા સશક્તિકરણ પર તેમના વિચારો અને માન્યતાઓ દર્શાવી હતી.

# બીબીએ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે યોગ શિબિર





કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે નિશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડો. ચંદ્રકાંત તન્ના વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરના જાણીતા યોગ ગુરુ સત્યપ્રકાશ સૂરીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ કોલેજનાં આચાર્ય ડો.રમાકાંતપૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ડો.જયેશતન્ના, ધર્મેન્દ્ર રાઠોડ, ડો.આશિષ ભુવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવા માં આવ્યો હતો. યોગ શિબિર સંપન્ન થયા બાદ સુમિત શર્મા, ડોલી શુક્લા, દિશા નાણાવટી જેવા કેટલાક વિદ્યાર્થીઓએ અભિપ્રાય આપતા જણાવ્યું હતું તેઓ છેલ્લા કેટલાક વર્ષથી નિયમિત રીતે યોગ સાધના કરે છે, જેનાથી તેઓના સ્વાસ્થ્યમાં ખુબ સુધારો જોવા મળ્યો છે.

## પહેલો કેસ

॥ બીજો મણકો ॥

હું શરમાયો. પૂરી હિંમત ન આવે ત્યાં લગી કેસ ન લેવાનો નિશ્ચય કર્યો ને દક્ષિણ આફ્રિકા ગયો ત્યાં લગી કોર્ટમાં ન જ ગયો. આ નિશ્ચયમાં કશી શક્તિ નહોતી. હારવાને સારુ પોતાનો કેસ મને કોણ આપવા નવરું હોય? એટલે નિશ્ચય વિના પણ મને કોર્ટમાં જવાની તસ્દી કોઈ આપત નહીં!

ગાંધીયાત્રા

પણ હજુ એક બીજો કેસ મુંબઈમાં મળવાનો હતો ખરો. આ કેસ અરજી ઘડવાનો હતો. એક ગરીબ મુસલમાનની જમીન પોરબંદરમાં જપ્ત થઈ હતી, મારા પિતાશ્રીના નામને જાણી તેના બારિસ્ટર દીકરા પાસે તે આવેલો. મને તેનો કેસ લૂલો લાગ્યો, પણ મેં અરજી ઘડી દેવાનું કબૂલ કર્યું. છપામણીનું ખર્ચ અસીલે આપવાનું હતું. મેં અરજી ઘડી. મિત્રવર્ગને વંચાવી. તે અરજી પાસ થઈ ને મને કંઈક વિશ્વાસ બેઠો કે, હું અરજી ઘડવા જેટલો લાયક હોઈશ,-હતો પણ ખરો.

પણ મારો ઉદ્યોગ વધતો ગયો. મફત અરજીઓ ઘડવાનો ધંધો કરું તો અરજીઓ લખવાનું તો મળે, પણ તેથી કંઈ છોકરાં ઘૂઘરે રમે?

મેં ધાર્યું કે હું શિક્ષકનું કામ કરી શકું ખરો. અંગ્રેજીનો અભ્યાસ ઠીક કર્યો હતો. એટલે, કોઈ નિશાળમાં મૅટ્રિક્યુલેશન ક્લાસમાં અંગ્રેજી શીખવવાનું કામ મળે તો તે શીખવું. કંઈક ખાડો તો પુરાય!

મેં છાપામાં જાહેરખબર વાંચીઃ 'જોઈએ છે, અંગ્રેજી શિક્ષક. દરરોજનો એક કલાક. પગાર રૂ. ૭૫.' આ એક પ્રખ્યાત હાઈસ્કૂલની જાહેરખબર હતી. મેં અરજી કરી. મને રૂબરૂ મળવાની આશા થઈ. હું હોંશે હોંશે ગયો. પણ જ્યારે આચાર્યે જાણ્યું કે હું બી.એ. નથી, ત્યારે મને દિલગીરીની સાથે રજા આપી.

'પણ મેં લંડનની મૅટ્રિક્યુલેશન પાસ કરી છે. લૅટિન મારી બીજી ભાષા હતી.'

'એ ખરું, પણ અમારે તો ગ્રૅજ્યુએટ જ જોઈએ.'

હું લાચાર થયો. મારા હાથ હેઠા પડ્યા. મોટાભાઈ પણ ચિંતામાં પડ્યા. અમે બંનેએ વિચાર્યું કે મુંબઈમાં વધારે કાળ ગાળવો નિરર્થક છે. મારે રાજકોટમાં જ સ્થિર થવું. પોતે નાના વકીલ હતા; કંઈક ને કંઈક અરજીઓ ઘડવાનું કામ તો આપી જ શકે. વળી રાજકોટના ઘરનું ખર્ચ તો હતું જ. એટલે મુંબઈનો ખર્ચ કાઢી નાખવાથી ઘણો બચાવ થાય એમ હતું. મને સૂચના ગમી. મુંબઈનું ઘર કુલ છએક માસના વસવાટ પછી ઉઠાવ્યું. મુંબઈમાં રહ્યો તે દરમ્યાન હાઈકોર્ટમાં હું રોજ જતો. પણ ત્યાં કંઈ શીખ્યો એમ ન કહી શકું. શીખવા જેટલી સમજ નહોતી. કેટલીક વેળા તો કેસમાં સમજ ન પડે ને રસ ન પડે ત્યાં ઝોલાં પણ ખાતો. બીજા પણ ઝોલાં ખાનારા સાથી મળતા, તેથી શરમનો બોજો હલકો થતો. છેવટે હાઈકોર્ટમાં બેઠા ઝોલાં ખાવાં એને ફેશન ગણવામાં બાધ નથી એમ સમજતો થયો એટલે તો શરમનું કારણ જ ગયું.

આ યુગમાં પણ મારા જેવા બેકાર બારિસ્ટરો જો કોઈ મુંબઈમાં હોય તો તેમને સારુ એક નાનો સરખો અનુભવ અહીં ટાંકું છું.

ગીરગામમાં મકાન હતું છતાં હું જવલ્લે જ ગાડીભાડું ખરચતો. ટ્રામમાં પણ ભાગ્યે જ બેસતો. ગીરગામથી ઘણેભાગે નિયમસર ચાલીને જતો. તેમાં ખાસી ૪૫ મિનિટ લાગતી. ને ઘેર પાછો તો અચૂક ચાલીને જ આવતો. દિવસના તડકો લાગે તે સહન કરવાની શક્તિ કેળવી લીધી હતી. આથી મેં ઠીક પૈસા બચાવ્યા ને મુંબઈમાં મારા સાથીઓ માંદા પડતા ત્યારે હું એક પણ દહાડો માંદો પડ્યો હોઉં એમ મને સ્મરણ નથી. જ્યારે હું કમાતો થયો ત્યારે પણ આમ ઑફિસે ચાલીને જવાની ટેવ મેં છેવટ લગી કાયમ રાખી. આનો લાભ હું આજ લગી ઉઠાવી રહ્યો છું.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

### ભોળાભાઈ પટેલ બી.સી.એ. કોલેજમાં

# એનિમેટેડ પ્રોમો ક્રિએશન વિષય પર સર્ટિફિકેટ કોર્સ યોજાયો



ગાંધીનગર, તા. ૧૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ, બીસીએ કોલેજમાં એનિમેટેડ પ્રોમો ક્રિએશન વિષય પર ૩૦ કલાકના એક સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, આ કોર્સ અંતર્ગત વિદ્યાર્થીઓએ ફોટોશોપના વિવિધ ટૂલ્સના ઉપયોગ સાથે પ્રોફેશનલ સ્કીલ મેળવી હતી. અડોબે આફ્ટરઈફેકટમાં વિદ્યાર્થીઓને વિડિયોમાં આપતી જુદી જુદી મોશન ઈફેક્ટ, સ્મોક ઈફેક્ટ, પેનલ સેટિંગ તથા વિડિયોના સંકલન વિષે શીખવાડવામા આવ્યું હતું. છેલ્લા ઘણા સમયથી વિડિયોમાં ઈવા ડબિંગ ટેકનિકનો બહોળો ઉપયોગ થઈ રહ્યો છે અને આ માટે ઓડાસીટી જેવા સોફ્ટવેરમાં કુશળતા કેળવવી પડે છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને આ સોફ્ટવેર દ્વારા કોઈપણ વ્યક્તિનો રેકોર્ડ કરેલ આવાજ અલગ અલગ રીતે કેવી રીતે બદલી શકાય તેની જાણકારી આપવામાં આવી હતી. કોર્સના અંતમાં તેઓને ઈન્ડસ સોફ્ટવેરની મદદથી વિડિયોમાં કોપીરાઈટ સિવાયના અન્ય લોગો કે અન્ય સિમ્બોલ કેમ ઉમેરવા તથા વિડિયોમાં રહેલ એનિમેશન ટૂલ્સનો કેવી રીતે ઉપયોગ કરવો, વિડિયોની અલગ અલગ ઈફેક્ટ જેવીકે શેડિંગ, રેન્ડરિંગ અને વિડિયો મેપિંગ કરીને ઓબ્જેક્ટ પર પ્રોજેક્શન કેવી રીતે કરાય તે શીખવવામાં આવ્યું હતું.

આ કોર્સમાં વિષય નિષ્ણાત તરીકે દિગ્વિજય રહેવર, સાહિલ છાપીયા અને હરિકૃષ્ણ ચૌહાણે પોતાની સેવાઓ આપી હતી. આ સમગ્ર કોર્સનું સફળ સંચાલન કોલેજના પ્રાધ્યાપક ડો. અભિજિતસિંહ જાડેજા, પ્રો. જૈમીની કુલકર્ણી, પ્રો. બીજલ પરમાર અને પ્રો. જિગ્નેશ પટેલ દ્વારા કોલેજના ડીરેક્ટર તથા કડી યુનિવર્સીટીના કોમ્પ્યુટર વિભાગના ડીન ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# બ્રાઈટ વિઝન પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ









આદર્શ ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બ્રાઈટ વિઝન પ્રાથમિક શાળા, ટીંટોડા દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગીત, સંગીત, નાટક જેવી અવનવી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને ઉપસ્થિત વાલીઓ તથા અતિથિઓનાં દિલ જીતી લીધાં હતાં. આ પ્રસંગે તેજસ્વી તારલાઓને સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્ય









શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં પાંચ ગામોનાં ૯૬ વૃદ્ધાઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ભાટાઈમાં ૮ લાભાર્થીઓને પણ ચોખા અર્પણ કરવામાં આવ્યા હતા. શ્રી ગજાનન સેવા સમિતિ તરફથી આ સેવાકાર્યમાં દોશીભાઈ, મિલિન્દભાઈ, ડૉ. અતુલ પંડ્યા અને યોગેશભાઈ જોડાયા હતા.